## જન્મદિને વધામણી


મહેન્દ્રભાઈ એસ રાઠોડ
ઓડિટર, ગાંધીનગર સાહિત્ય સભા
સંગઠન મંત્રી, સુરેન્દ્રનગર જિલ્લા મિત્ર મંડળ
મો. ૯૮૯૮૦ ૬૭૮૧૩


રમેશચંદ્ર એન શ્રીમાળી
મો. ૯૪૨૮૫ ૦૩૦૮૨


દેવાંશ વાઘેલા


કર્મરાજસિંહ વાસુદેવસિંહ જાડેજા
મો. ૯૮૨૫૪ ૦૬૧૦૧


ક્રિષ્ના અશ્વિનભાઈ જાટિયા
મો. ૯૮૨૪૬૩૯૩૭૫

# કોઈમ્બતુરમાં શહેરના કલાકારોની મનોહર કલાપ્રસ્તુતિ







## ગાંધીનગરની સંસ્થા પનઘટ કલાકેન્દ્રના કલાકારોએ ગરબો રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા

ગાંધીનગર, તા.૪

દક્ષિણ ભારતના તામિલનાડુ રાજ્યના કોઈમ્બતુર ખાતે ગુજરાત રાજ્ય બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન અને કોઈમ્બતુર ગુજરાતી સમાજના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ દ્વિ-દિવસીય 'સદાકાળ ગુજરાત' કાર્યક્રમમાં કલા-સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રસ્તુતિથી ગુજરાતની ઝાંખી રજૂ કરવામાં આવી હતી. ગુજરાતમાંથી ડાંગ, પોરબંદર, ભાવનગર અને ગાંધીનગરના કલાકારો દ્વારા ગુજરાતની ઝાંખી રજૂ કરાઈ હતી. પ્રદર્શન અને લોકમેળાના આયોજનથી મિની ગુજરાત ઊભું થયાનો અહેસાસ થયો હતો.

આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેરની જાણીતી સાંસ્કૃતિક કલા સંસ્થા પનઘટ કલાકેન્દ્રના કલાકારોએ ગુજરાતની ઓળખ સમી કૃતિ - ગરબો રજૂ કરી પ્રેક્ષકોની ભરપૂર દાદ મેળવી હતી.

આ પ્રસંગે રાજયના પ્રોટોકોલ અને એન.આર.જી. પ્રભાગના મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. રાજય સરકારના પ્રતિનિધિ તરીકે મહિલા બાળ વિકાસ વિભાગના સચિવ થેન્નારસન, સામાન્ય વહિવટ (એન.આર.જી.) પ્રભાગના અધિક સચિવશ્રી એન. ડી. લવિગિંયા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન ગુજરાત રાજય બિનનિવાસી પ્રતિષ્ઠાનના નિયામક બિપિનભાઈ ભટ્ટ અને નાયક સચિવ ડી. જી. ચૌધરીએ સંભાળ્યું હતું.

ઉલ્લેખનીય છે કે પનઘટ કલાકેન્દ્રના સંચાલક અને ગાંધીનગર શહેરના જાણીતા કોરિયોગ્રાફર ભાવિન પટેલ દ્વારા સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમનું સંકલન કરવામાં આવ્યું હતું અને ગુજરાતના તમામ કલાકારોને સાથે લઈ ગ્રાન્ડ ફિનાલેની ભવ્ય પ્રસ્તુતિ કરાવી હતી, જેને પ્રેક્ષકોએ કલાકારોને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું. આ પ્રસંગે મંત્રી પ્રદિપસિંહ જાડેજા દ્વારા ભાવિન પટેલનું અભિવાદન પણ કરાયું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઢીશૂમ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૪૫

**સ્ક્રીન-૨**
કબાલી (હિન્દી)
૩.૪૫, ૬.૩૦
ઢીશૂમ
૧.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
ધી બીએફજી
(૩ડી-અંગ્રેજી)
૧૦.૪૫, ૧૦.૦૦
ધી બીએફજી
(૩ડી-હિન્દી)
૩.૧૫, ૭.૪૫
ઘોસ્ટબસ્ટર્સ
(૩ડી-અંગ્રેજી)
૧.૦૦, ૫.૩૦

**સ્ક્રીન-૪**
મદારી
૧૨.૩૦, ૩.૪૫, ૧૦.૦૦
સુલતાન
૬.૧૫

**સ્ક્રીન-૫**
ઢીશૂમ
સવારે ૧૦.૦૦
કબાલી (હિન્દી)
૧૨.૩૦, ૯.૩૦
સુલતાન
૩.૧૫
મદારી
૬.૩૦

## નૃત્યશ્રી કલાવૃંદના કલાકારોએ તુર્કી ખાતે આંતરરાષ્ટ્રીય ઉત્સવમાં ભાગ લીધો



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની નૃત્યશ્રી કલાવૃંદના ૧૧ કલાકારોએ તાજેતરમાં તુર્કી ખાતે યોજાયેલ ''ઈન્ટરનેશનલ કાપ્પા ડોસિયા ડાન્સ એન્ડ મ્યુઝિક ફેસ્ટિવલ'' અને ''ઈન્ટરનેશનલ બેપપાઝારી યુથ ફેસ્ટિવલ'' ખાતે ભાગ લીધો હતો. આ કલાકારોએ ગુજરાત તથા ભારતના લોક સંસ્કૃતિના નૃત્યો પ્રસ્તુત કરી ભારતીય સંસ્કૃતિનું દર્શન તુર્કીવાસીઓને કરાવ્યું હતું.

શહેરમાં લોકનૃત્ય સંસ્કૃતિમાં આગવુ નામ ધરાવતા વેસ્લી પીટરના નૃત્યશ્રી કલાવૃંદની તુર્કી ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય ઉત્સવોમાં ભારતીય લોક સંસ્કૃતિના નૃત્યો રજૂ કરવા માટે પસંદગી થવા પામી હતી. તા. ૧૩મી જુલાઈથી તા. ૨૩મી જુલાઈ દરમ્યાન તુર્કીમાં ગોરેમી-નેવશેહિર તથા અંકારા શહેરોમાં યોજોયલા બે આંતરરાષ્ટ્રીય ઉત્સવોમાં નૃત્યશ્રીના ૧૧ કલાકાર સાથે નૃત્ય નિર્દેશક વેસ્લી પીટરે લોક નૃત્યો રજૂ કરી ભારતીય સંસ્કૃતિની મહેંક વિદેશની ધરતી પર ફેલાવી હતી. આ કલાકારોએ ગુજરાતના રાસ-ગરબા સહિત લોકનૃત્યો રજૂ કર્યા હતા.

## ડભોડા એમ.એચ. વિદ્યામંદિર ખાતે વિશ્વ વસ્તી દિનની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર નજીક આવેલ ડભોડા ગામમાં સ્થિત એમ.એચ. વિદ્યામંદિર ખાતે જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ-ગાંધીનગર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ડભોડા તથા ગુજરાત વિદ્યાપીઠ ગ્રામ સેવા સાદરાના સંયુકત ઉપક્રમે વિશ્વ વસ્તી દિન તેમજ 'બેટી પઢાવો બેટી વધાવો' થીમ પર સાદરા વિદ્યાપીઠના ફીજીકલ એજયુકેશન ના વિદ્યાર્થીઓ દ્વારા ભવાઈવેશમાં સુંદર નાટક દ્વારા વસ્તી નિયંત્રણ અંગે મેસેજ આપવામાં આવ્યો હતો. તેમજ બાળકોને વસ્તી વધારાથી થતી મુશ્કેલીઓ અને મહિલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણી કરતા સમાજમાં મહિલાઓના સન્માન વધારવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાદરા વિદ્યાપીઠના પ્રાધ્યાપક ડૉ. નિમાવત એ પાત્ર પરિચય અંગે સમજ આપી હતી. હરેશભાઈ ખાચરે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું જયારે શાળાના આચાર્ય એ સૌ મહેમાનોનો આભાર વ્યકત કર્યો હતો.

## ફાર્મસી કોર્સમાં એડમીશન લેતાં વિદ્યાર્થી જોગ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત રાજય ફાર્મસી કાઉન્સિલ ફાર્મસી અધિનિયમ ૧૯૪૮ની જોગવાઈ અનુસાર ગઠિત થયેલ છે. ફાર્મસી અધિનિયમ ૧૯૪૮ની જોગવાઈનું અમલીકરણ કરે છે. અને આથી ફાર્મસી કાઉન્સિલની કાર્યપ્રણાલી આ અધિનિયમ અને તે અન્વયે કરવામાં આવેલા નિયમોના સંદર્ભમાં વિનીમય થાય છે. ગુજરાત રાજય ફાર્મસી કાઉન્સિલ દરેક વાલી/ વિદ્યાર્થીઓને જણાવે છે કે ધોરણ-૧૨ના પરિણામ આવ્યા બાદ ફાર્મસી વિદ્યાશાખામાં ડીપ્લોમાં અથવા ડીગ્રીમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓમાં ખૂબ જ સ્પર્ધા થાય છે. ફાર્મસી વિદ્યાશાખાના ડીપ્લોમાં અથવા ડીગ્રી અભ્યાસક્રમમાં ગુજરાત અથવા ગુજરાત બહાર કોઈપણ કોલેજમાં પ્રવેશ લેતા પહેલા, આવી ફાર્મસી કોલેજને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ માન્યતા આપેલ છે કે કેમ તેની ચકાસણી કરી લેવા વિનંતી છે. ફાર્મસી કાઉન્સિલે મંજૂર કરેલી બેઠકો કરતાં વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તો પણ અમાન્ય ગણાય છે. ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા માન્યતા આપવામાં ન આવેલ હોય તેવી કોલેજમાં અભ્યાસ કરનાર અથવા તો મંજૂર કરેલ બેઠકો કરતાં, વધારે બેઠકો ઉપર પ્રવેશ મેળવનાર અથવા સંબંધિત કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા જે ઓથોરીટી લેતી હોય તેને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ માન્યતા નહીં આપેલ હોય તો ઉપરોક્ત સંજોગોમાં ડીપ્લોમાં અથવા ડીગ્રી મેળવનાર વ્યક્તિઓને ફાર્મસીસ્ટ તરીકેનું રજીસ્ટ્રેશન કાયદાનુસાર મળવાપાત્ર નથી.

## 'સંસ્કૃત સત્ર-૧૬' સપ્ટેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૪

ભાવનગરના મહુવા ખાતેના કૈલાશ ગુરૂકુળ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્કૃત સત્ર-૧૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ સંસ્કૃત સત્ર તા. ૪થી સપ્ટમ્બરથી ૬ઠ્ઠી સપ્ટેમ્બર દરમિયાન યોજાશે જેનું આસ્થા ચેનલ પરથી ૧૭૦ દેશોમાં લાઈવ પ્રસારણ કરાશે.

સંસ્કૃત સત્ર-૬માં પ્રથમ દિવસે પહેલા સત્રમાં રવીન્દ્રકુમાર પંડ્યા, પ્રીતિ પૂંજારા અને બળભદ્રસિંહ ચુડાસમાની સંગોષ્ઠિ યોજાશે જેનું સંયોજન નિરંજન પટેલ કરશે. દ્વિતિય સત્રમાં મધુસૂદન વ્યાસ, મનસુખ પટોલિયા તથા નરેન્દ્ર પંડ્યાની સંગોષ્ઠિ યોજાશે જેનું સંયોજન બળભદ્રસિંહ ચુડાસમા કરશે. બીજા દિવસે પ્રથમ સત્રમાં રાજેન્દ્ર ચોટલિયા, કાલિન્દી શુકલ અને સ્નેહલ જોશીની સંગોષ્ઠિનું સંયોજન રવીન્દ્ર ખાંડવાલા કરશે. જયારે દ્વિતિય સત્રમાં રવીન્દ્ર ખાંડવાલા, મીતા વ્યાસ અને નિરંજન પટેલની સંગોષ્ઠિનું સંયોજન કાલિન્દી શુકલ કરશે. અંતિમ દિવસે સ્નેહલ જોશીના સંયોજન સાથે હર્ષદેવ માધવ સંગોષ્ઠિ રજૂ કરશે. કાર્યક્રમના અંતે અલંકારશાસ્ત્રના વિદ્વાન તથા સંસ્કૃત-ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ કવિ હર્ષવર્ધન જાની તથા હર્ષદેવ માધવના હસ્તે વાચસ્પતિ પુરસ્કાર પ્રદાનવિધિ યોજાશે.

# આધુનિક જીવનશૈલીથી ધરાશાયી લગ્ન સંસ્કાર


**જીવન ઉપવન**
મહેન્દ્ર એમ ત્રિવેદી


જીવનમાં બધા જ અનુભવો, અહેસાસો, ઊર્મિઓ, વેદનાઓ, સંવેદનાઓ, સ્નેહ-નફરત વગેરેનો સમયાંતરે સ્પર્શ થતો રહે છે, જેના દ્વારા માણસ ઘડાતો જાય છે. આ પ્રક્રિયા પરિવારના બાળ ઉછેરથી શરૂ થઈ જતી હોય છે એટલે કે બચપણથી જે કાંઈ તત્ત્વો-ભાવ-અભાવ, પ્રેમ, તિરસ્કાર ઈત્યાદિ મળતા થાય છે તે છેવટે વ્યક્તિના વ્યક્તિત્વનો હિસ્સો જાણ્યે-અજાણ્યે બનતા રહે છે. બાળક હંમેશાં પ્રેમ, દુલાર, વહાલ કે પ્યાર ઝંખતું હોય છે, જે તેના પરિવારમાંથી બહુધા મળે છે. આ ઉપરાંત એ પાડોશીઓ, મિત્રો અને સગા-સંબંધીઓ પાસેથી પણ પ્રાપ્ત થાય છે. ઘરના આંગણે જે મળે એ સદૈવ માનવીની આજીવન યાદમાં કે સ્મૃતિમાં ગોઠવાઈ જાય છે. બાળ ઉછેરમાં કાળજી તો ખરી પરંતુ પ્રેમ ચાવીરૂપ તત્ત્વ છે, એનો અભાવ બાળકને આગળ જતાં નકારાત્મક, વિધ્વંસકારક બનાવી મૂકે છે. બાળકોને બચપણમાં જે પ્રાપ્ત થવું જોઈએ તે વિષયો આજનો સમાજ પૂર્ણતઃ નિષ્ક્રિય કે રૂક્ષ થઈ ચૂક્યો છે. ફલેટના કલ્ચરમાં બાળક ટીવી ચૅનલ્સ પરના કાર્યક્રમો જોતાં-જોતાં ઉછરે છે, બાળક લાડ-પ્યારની શોધમાં સફળ થતો નથી. કેમ કે હવે પરિવારો કમાવાની ચિંતામાં, ઘરનું પૂરું થાય તે લ્હાયમાં માત્ર આર્થિક પ્રવૃત્તિ કરનાર જેવા થઈ ગયા છે.

યુવાનીમાં પ્રવેશ્યા બાદ બાળકને જે નહોતું મળ્યું તેની અજ્ઞાત મનથી શોધ ચાલતી રહે છે અને છેવટે એ વિજાતીય મૈત્રીના રસ્તે જાય છે, તેમાં આધુનિક યુગનાં ઉપકરણો ખૂબ સુવિધાઓ આપી રહ્યાં છે અને એ પણ સમાજ કે પરિવારને ખબર પણ પડે નહીં તે રીતે ! પ્રેમ મેળવવો કે ઝંખવો કે પ્રેમ કરવો એ કોઈ અપરાધ નથી. પ્રેમના પાયા પર પૃથ્વી ટકી છે અને એ ઈશ્વરીય કૃતિઓ પૈકીનું એક અંગ છે, પરંતુ પ્રેમ શું છે ? પ્રેમની અનુભૂતિ કેટલી ઉચ્ચતમ હોય તે કોઈ જાણતું નથી.

ઈતિહાસનાં પાનાં પલટાવીએ તો ઘણી અમર પ્રેમકથાઓ જાણવા મળે છે, પણ એ વાસ્તવિક, સાચો પ્રેમ હતો જેમાં હસતાં-હસતાં ફના થઈ જવાની ભાવના હતી. આવી પ્રેમકથાઓ દુનિયાને સંદેશો આપે છે કે પ્રેમમાં સચ્ચાઈ અને ત્યાગની પ્રબળ ઝંખના હોવી જોઈએ. આ પ્રેમકથાઓ પરથી ઘણાં ચલચિત્રો પણ બન્યાં છે ને લોકપ્રિય થયાં છે. લૈલા-મજનૂ, હિર-રાંઝા, શિરીન-ફરહાદ, શેણી-વિજાણંદ , મોરબી અને કચ્છના રાજવીઓ તથા કલાપીના જીવનમાં થયેલ અનુભૂતિ તેનાં ઉદાહરણો છે, પરંતુ હવે સ્થિતિ આ પ્રકારની રહી નથી ! આજની જનરેશન શારીરિક ભોગવાદને જ પ્રેમ માની રહી છે એ જ સૌથી દુખદ બાબત છે, જેનાથી લગ્ન સંસ્કાર ઘાતક રીતે નષ્ટ થઈ રહ્યા છે. લગ્ન એક સંસ્થા છે, સંસ્કાર છે એ હવે ધરાશાયી વિભાવના ગણાવા લાગ્યો છે. ઈશ્વરે જે આવેગો સર્જ્યા છે તેમાં ભૂખ, ઉંઘ, તૃષા, મૈથુન વગેરે બધા સજીવોમાં સમાનપણે પ્રવર્તે છે. પણ માનવ સભ્ય સમાજમાં હોઈ તે કામપત્ની નહીં, ધર્મપત્નીથી પૂર્ણ થાય છે. ત્યાં જીવનના ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ માટે પોતાના જીવનસાથીને સદૈવ મિત્રભાવે રાખી પૃથ્વી પર ગૃહસ્થાશ્રમને ધન્યતા આપવા પ્રયાસ કરે છે. પરંતુ હવે જે ખોટ પડી છે તે ભાવનાની, સાચી ઊર્મિઓની અને વફાદારીની નિભાવવાના નિર્ણયની મુખ્યત્વે છે ! સમાજે નાણાંને પ્રભુથી મહાન બનાવીને બહુ ભૂલ કરી છે, હવે બધાનું ચાલક બળ કે પ્રેરકબળ નાણું થઈ ગયું છે. વ્યક્તિની ત્યાગભાવના, પ્રયાસો, પ્રેમ, આંતરિક સંવેદનાઓને જ કમાણીના ત્રાજવે તોલવામાં આવ્યા જ કરે તો પછી પરિણામ શું આવે ? પ્રેમ એ અમૃત અને દિવ્યતાનો ધોધ છે પણ ત્યાં સ્વાર્થ, લાલચ, વાસના, કામુકતા, લોભ વગેરેની આડશો ઊભી થઈ ગઈ છે એટલે તો લગ્નજીવનના બે મુખ્ય પાત્રો સાથે હોવા છતાં ખૂબ દૂર થઈ રહ્યાં છે. આ જીવનશૈલીથી સમાજ સડી રહ્યો છે, વિકૃત અને કઢંગો થઈ રહ્યો છે ને ધીમે-ધીમે મૃતઃપ્રાય થઈ રહ્યો છે.

પ્રેમનો પર્યાય માત્ર પ્રેમ જ હોય છે, પૈસૌ હરગીઝ નહીં. આજના ભોગવાદ અને ભૌતિકવાદે માઝા મૂકી દીધી છે, સૌને બેસુમાર સંપત્તિ, સત્તા અને નાણાંની ભૂખ છે. એટલે પાપ-પુણ્યનો ખ્યાલ પણ લુપ્ત થઈ ગયો છે. નૈતિકતાનું અધઃપતન થઈ ચૂક્યું છે. સમાજને આધુનિક સાધનો કે સુવિધાઓએ કામુકતાની ભેટ આપી છે. અમર્યાદ રીતે જાતિયતામાં રાચવાની પ્રેરણા પાછળ ગંદા કે સ્વાર્થી હેતુઓ બેઠા છે એટલે ગૃહસ્થાશ્રમ સળગતો થયો છે ! વ્યક્તિના ગુણોની કે ભાવનાઓની કદર ન થાય તો પરિણામ હંમેશાં વિકૃત જ આવે. લગ્નજીવનમાં બેવફાઈનું પ્રમાણ બેહદ વધી ગયું છે. દરેક માને શ્રવણ જેવો દીકરો જોઈએ છે પરંતુ દરેક સ્ત્રી પોતાનો જીવનસાથી માત્ર પોતાનો જ બની રહે તેમાં કોઈ છૂટ મૂકવા તૈયાર નથી. દરેક માબાપ ઈચ્છે છે કે પોતાની દીકરીનું જ સાસરિયામાં ચાલે, માનપાન મળે પરંતુ ઘરમાં દીકરાનાં લગ્ન બાદ તે વહુઘેલો થઈ જાય તે કોઈને પસંદ નથી !

વ્યક્તિએ પોતાનું કર્તવ્ય, નિષ્ઠા, કાર્ય અને જીવન પારદર્શક રાખવું એ જ યોગ્ય ઉપાય છે. સ્નેહની કડી સર્વમાં વડી છે, એ યાદ રાખવા જેવું છે.



## આર જી-એસ બી પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓ જુડોમાં રાજ્યકક્ષાએ

ગાંધીનગર, તા.૪

જિલ્લા કક્ષાની અન્ડર-૧૯ જુડો સ્પર્ધા યોજાયેલ હતી. જેમાં શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાના ધો-૧૧માં અભ્યાસ કરતી ભૂમિ ઠક્કર અને ફાલ્ગુની રાઠોડ પ્રથમ નંબર મેળવી રાજયકક્ષાએ પસંદગી પામેલ છે. જિલ્લા કક્ષાની



રસ્સા ખેંચની સ્પર્ધામાં શાળાની ટીમ રનર્સ અપ બનેલ છે. વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોશી દ્વારા કોચીંગ આપવામાં આવેલ છે. તમામ ખેલાડીઓને શાળા પરીવારે અભિનંદન પાઠવેલ હતા.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'યાદ દાદા-દાદીની'**